(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમ કાયદાના ભંગ અંગેની કર્મચારી/વર્કરો તરફથી કેટલી ફરિયાદો મળી, અને	(૧)	**૯૭**
(૨)	તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	ઉકત ફરિયાદો પૈકી :– ➢ ૫૩ ફરિયાદોમાં ૫૩ ઔદ્યોગિક એકમોમાં ૧૯૬ શ્રમયોગીઓને કુલ ૩૦.૮૪,૭૩,૧૧૯/–નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે. ➢ ૦૮ ફરિયાદોમાં ૦૮ ઔદ્યોગિક એકમો વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નામદાર અદાલતમાં કુલ – ૦૮ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ➢ ૦૪ ફરિયાદોમાં ૦૪ ઔદ્યોગિક એકમોમાં બાકી પગાર બાબતે અરજદારોને સરકારી શ્રમ અધિકારી દ્વારા નામ. લેબર કોર્ટમાં રિકવરીની અરજી કરવા સલાહ આપેલ છે. ➢ ૦૪ ફરિયાદોમાં ૦૪ ઔદ્યોગિક એકમોમાં ગ્રેજ્યુઇટી બાબતે અરજદારોને સરકારી શ્રમ અધિકારી દ્વારા મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ સમક્ષ અરજી કરવા સલાહ આપેલ છે. ➢ ૨૫ ફરિયાદ અન્વયે કારખાનાઓએ કારખાના ધારાની સંબંધિત જોગવાઇઓનું પાલન કરતાં ૨૫ ફરિયાદોનો નિયમોનુસાર નિકાલ કરેલ છે. ➢ ૦૩ ફરિયાદોમાં ૦૭ ફોજદારી કેસ કરવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

આણંદ જિલ્લામાં કેળ (ટીસ્યુકલ્ચર) ફળપાકના વાવેતર માટે સહાય

15/8/1548 : શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેળ (ટીસ્યુકલ્ચર)ફળ પાકના વાવેતર માટે કુલ કેટલા ખેડૂત લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૧)	કુલ–૧૧૨૭ લાભાર્થીઓને રૂ.૨,૪૧,૯૬,૮૬૦/–

બનાસકાંઠા જિલ્લામાં બોઈલરનું નિરીક્ષણ

15/8/1573 શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં બોઇલર તંત્ર દ્વારા કુલ કેટલા બોઇલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,	(૧)	૯૯
(૨)	ઉકત તપાસ દરમ્યાન કેટલા બોઇલરોમાં ખામી જણાયેલ, અને	(૨)	૧૭
(3)	ઉકત ખામી બાબતે શા પગલાં લેવામાં આવેલ છે?	(3)	ખામી ધરાવતા બોઇલરોનું નિયમોનુસાર રિપેરીંગની પ્રક્રિયા કરાવીને બોઇલર ચલાવવા માટેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

આણંદ જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

15/8/1566 શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ (સોજીત્રા): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમ કાયદાના ભંગ અંગેની કર્મચારી/વર્કરો તરફથી કેટલી ફરિયાદો મળી, અને	(૧)	૪૦
(૨)	તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	ઉકત ફરિયાદો પૈકી • ૧૨ ફરિયાદોમાં ૧૨ ઔદ્યોગિક એકમોમાં ૧૬૪ શ્રમયોગીઓને કુલ રૂ.૧૨,૨૭,૧૭૮/– નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે. • ૦૩ ફરિયાદોમાં ૦૩ ઔદ્યોગિક એકમો વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નામદાર અદાલતમાં કુલ – ૦૪ કોર્ટ કેસ દાખલ કરેલ છે. • ૦૧ ફરિયાદમાં ૦૧ ઔદ્યોગિક એકમ વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નામદાર અદાલતમાં કુલ – ૦૨ કોર્ટ કેસ અને આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ ૦૧ કોર્ટ કેસ દાખલ કરેલ છે. • ૧૯ ફરિયાદ અન્વયે કાયદાનું પાલન કરાવી નિયમાનુસાર નિકાલ કરેલ છે. • ૦૫ ફરિયાદોમાં ૧૯ ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે થયેલ પાક નુકસાની

15/8/1899: શ્રી સુધીરભાઈ વાઘાણી (ગારીયાધાર) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સને ૨૦૨૫માં થયેલ અતિવૃષ્ટિના કારણે અમરેલી જિલ્લામાં ખેડૂતોના પાકના થયેલ નુકસાન અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી રકમની આર્થિક સહાય ચૂકવવામાં આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે ખેડુતોના પાકોને નોંધપાત્ર નુકસાનના અહેવાલ મળેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને આર્થિક સહાય ચુકવવાની બાકી છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અરવલ્લી જિલ્લામાં કેમ્પા યોજના

15/8/1621 **શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેમ્પા યોજના હેઠળ કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને	(૧) કેમ્પા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે. તાલુકો / ૨૦૨૪–૨૫ વાવેતર (હેક.) / ૨૦૨૫–૨૬ (તા:૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ) વાવેતર (હેક.) મોડાસા ૨૦.૧૮ ૪૦.૦૦ માલપુર ૧૦૭.૦૦ ૯૪.૦૦ મેઘરજ ૩૦.૦૦ ૯૫.૦૦ ભિલોડા ૧૮૧.૦૦ ૩૦.૦૦ શામળાજી ૩૫.૦૦ ૩૫.૦૦ કુલ ૩૭૩.૧૮ ૨૯૪.૦૦
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨) વનીકરણની કામગીરી પાછળ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. તાલુકો / ૨૦૨૪–૨૫ ખર્ચ (રૂ. લાખમાં) / ૨૦૨૫–૨૬ (તા:૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ) ખર્ચ (રૂ. લાખમાં) મોડાસા ૫૮.૬૫ ૮૧.૫૬ માલપુર ૨૬૫.૯૪ ૨૮૮.૮૯ મેઘરજ ૯૯.૨૪ ૧૯૮.૮૭ ભિલોડા ૩૭૮.૮૧ ૫૫.૯૮ શામળાજી ૬૬.૭૦ ૬૮.૭૦ કુલ ૮૬૯.૩૪ ૬૯૪.૦૦

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2410 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુ દવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | ગીર સોમનાથ | ૨૬ | ૩૪ ૨ | જુનાગઢ | ૩૯ | ૫૫ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | ગીર સોમનાથ | ૦૪ | ૦૪ ૨ | જુનાગઢ | ૧૧ | ૧૦
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) ગીર સોમનાથ | ૧ વર્ષથી ઓછો | ૦૨ | ૦૦ ગીર સોમનાથ | ૧ વર્ષ કરતાં વધારે | ૦૮ | ૦૦ જુનાગઢ | ૧ વર્ષથી ઓછો | ૧૩ | ૦૨ જુનાગઢ | ૧ વર્ષ કરતાં વધારે | ૦૮ | ૦૨ ડ્રેસર/પટ્ટાવાળા/એટેન્ડન્ટ વર્ગ – ૪ (આઉટ્સોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

———————

મહિસાગર અને અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2414 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | મહિસાગર | ૨૬ | ૩૮

	થયેલ મહેકમ કેટલું છે,		૨ | અરવલ્લી | ૩૯ | ૬૧ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | મહિસાગર | ૨૦ | ૧૬ ૨ | અરવલ્લી | ૧૭ | ૧૪
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) મહિસાગર | ૧ વર્ષથી ઓછો | ૦૯ | ૦૦ ૧ વર્ષ કરતાં વધારે | ૦૨ | ૦૧ અરવલ્લી | ૧ વર્ષથી ઓછો | ૧૮ | ૦૧ ૧ વર્ષ કરતાં વધારે | ૦૫ | ૦૦ ડ્રેસર/પટાવાળા/એટેન્ડન્ટ(વર્ગ –૪)(આઉટસોર્સ સાથે) ની જગ્યાઓ પર
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

––––––

સુરત અને ભરૂચ શહેરમાં હવાની ગુણવત્તા માપનના મોનીટરીંગ સ્ટેશન

15/8/2404 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં માસવાર હવાની ગુણવત્તા માપનના મોનીટરીંગ સ્ટેશન દ્વારા સુરત અને ભરૂચ શહેરમાં શહેરવાર PM10, PM2.5, CO અને S02નો રીડીંગ ડેટા કેટ–કેટલો છે ?	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં માસવાર હવાની ગુણવતા માપનના મોનીટરીંગ સ્ટેશન દ્વારા સુરત અને ભરૂચ શહેરમાં શહેરવાર કેન્દ્રીય પ્રદુષણ નિયત્રણ બોર્ડના ઓનલાઈન વેબપોર્ટલ "સેન્ટ્રલ કંટ્રોલ રૂમ ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ" ની ઓનલાઈન માહિતી મુજબ PM10, PM2.5, CO અને S02નો નો માસવાર સરેરાશ રીડિંગ ડેટા બિડાણ – ૦૧ મુજબ છે.

બિડાણ – ૦૧

૧. **સુરત શહેર:**

સુરત - કન્ટિન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (CAAQMS)– સાયન્સ સેન્ટર ખાતે આવેલ એક સ્ટેશન આધારિત સરેરાશ રીડિંગ ડેટા

પેરામિટર્સ	એકમ	ઓક્ટોબર–૨૫	નવેમ્બર–૨૫	ડીસેમ્બર–૨૫	જાન્યુંઆરી–૨૬
PM10	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૮૧.૪૨	૧૨૪.૫૪	૧૧૨.૫૬	૯૨.૪૨
PM2.5	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૨૬.૩૯	૪૦.૩૨	૩૯.૪૪	૫૧.૩૪
SO2	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૨૩.૭૬	૨૭.૧૨	૨૬.૩૫	૨૨.૧૬
CO	મિલિગ્રામ પ્રતિ ઘન મીટર	૦.૭૩	૦.૭૭	૦.૭૯	૦.૭૯

૨. **ભરૂચ શહેર:**

ભરૂચ - કન્ટિન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (CAAQMS)- GIDC અંકલેશ્વર ખાતે આવેલ એક સ્ટેશન આધારિત સરેરાશ રીડિંગ ડેટા

પેરામિટર્સ	એકમ	ઓક્ટોબર–૨૫	નવેમ્બર–૨૫	ડીસેમ્બર–૨૫	જાન્યુંઆરી–૨૬
PM10	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૭૪.૩૭	૧૩૨.૯૧	૧૫૩.૨૩	૧૫૧.૭૫
PM2.5	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૪૨.૮૦	૭૪.૨૨	૬૧.૦૭	૫૮.૨૪
SO2	માઈક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૪૬.૯૮	૨૭.૩૫	૨૬.૩૩	૨૪.૦૧
CO	મિલિગ્રામ પ્રતિ ઘન મીટર	૧.૦૫	૧.૭૩	૧.૧૪	૧.૧૯

રાજ્યમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રે સ્ટાર્ટ–અપ પ્રિ–ઈન્ક્યુબેશન માટેની યોજના

15/8/1651 શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી (જામનગર (દક્ષિણ)): **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન દ્વારા રાજ્યમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રે સ્ટાર્ટ અપ પ્રિ–ઈન્ક્યુબેશન માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન દ્વારા રાજ્યમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રે એન્ટરપ્રેન્યોરશિપ કેપેસિટી બિલ્ડિંગ સેલ્સ (E-CBC) નામનો પ્રોગ્રામ ચલાવવામાં આવે છે.
(૨)	જો હા, તો ઉક્ત યોજના ક્યારથી અમલમાં છે, અને	(૨)	આ પ્રોગ્રામ તા.૨૮/૦૯/૨૦૨૧ થી અમલમાં છે.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી સહાય આપવામાં આવેલ છે?	(૩)	છેલ્લા બે વર્ષ દરમિયાન આ પ્રોગ્રામ અંતર્ગત કુલ રૂા.50,86,120/-ની આર્થિક સહાય આપવામાં આવેલ છે.

વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 'રાજય ટોપ અપ' તરીકે સહાય

15/8/1611 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ ટકા રાજય ફાળા હેઠળ 'રાજય–ટોપ–અપ' તરીકે પ્રતિ લાભાર્થી કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને	(૧)	પ્રતિ લાભાર્થી રૂ.૫૦,૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે.
(૨)	ઉક્ત સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 'રાજય ટોપ–અપ' તરીકે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૨)	'રાજય ટોપ–અપ' તરીકે ૧૩૦૮ લાભાર્થીઓને રૂ.૬.૫૪ કરોડની સહાય ચૂકવવામાં આવી.

અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો

15/8/1615 શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે,	(૧)	તા.૧–૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪	તા.૧–૧–૨૦૨૫ થી તા.૩૧–૧૨–૨૦૨૫
			પોંડ બંડ	પોંડ બંડ
(૨)	ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૨)	**૨૧**	
(૩)	ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	**રૂ.૬૩.૨૨ લાખ**	

જૂનાગઢ જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકસાનની સહાય

અતારાંકિત પ્રશ્નો

15/8/1980: શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઓક્ટોબર–૨૦૨૫ માં જૂનાગઢ જીલ્લામાં થયેલ કમોસમી વરસાદને કારણે થયેલા પાકની નુકશાની પેટે સહાય મેળવવા કેટલા ખેડૂતોની અરજીઓ મળી, અને	(૧)	૧,૬૧,૩૩૦	
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	**ખેડૂતોની સંખ્યા**	**ચૂકવવામાં આવેલ સહાય**
			૧,૪૯,૭૧૭	૪૬૮.૧૬ કરોડ

અમરેલી જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/8/1542 શ્રી જનકભાઈ તળાવિયા (લાઠી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ગાય–ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૧,૦૭૧
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	૩.૪૨,૫૭,૨૨૫/–

છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય આપવા બાબત

15/8/1533: શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા (જેતપુર(એસ.ટી.))**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૧૯૫
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૮૮૯
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૨૪,૩૦,૧૯૯–/

પાટણ જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કેટલશેડ બાંધકામ પર સહાય આપવા બાબત

15/8/1544 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર)**: માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન પાટણ જિલ્લામાં કેટલશેડ બાંધકામ પર સહાય આપવાની યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૫
(૨)	ઉક્ત સ્થિતિએ તદ્ અનુસાર કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૨)	૩. ૪,૫૦,૦૦૦/–

ગીર સોમનાથ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/8/1540 શ્રી ભગાભાઈ ઘાનાભાઈ બારડ (તાલાલા)**: માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨(બાર) દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૭૭
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ?	(૨)	૩. ૫૯,૯૯,૧૩૫ /-

ભૂંકપ સંશોધન કેન્દ્ર દ્વારા યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય પરિષદ

15/8/1552 શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભૂકંપ સંશોધન કેન્દ્ર, ગાંધીનગર દ્વારા '9th International Convention on Advances in Earthquake Science-2026' વિષયક આંતરરાષ્ટ્રીય પરિષદ ક્યારે યોજવામાં આવી,	(૧)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભૂકંપ સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા તા.૨૩ થી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન '9th International Convention on Advances in Earthquake Science-2026' વિષયક આંતરરાષ્ટ્રીય પરિષદ યોજવામાં આવેલ હતી.
(૨)	ઉક્ત પરિષદમાં ક્યા દેશોના પ્રતિનિધિઓ અને કેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો, અને	(૨)	ઉકત પરિષદમાં ફ્રાન્સ, યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, જર્મની, જાપાન, તાઈવાન, નેપાલ, ઇટલી, પુર્તગાલ અને ચિલી એમ કુલ ૦૯ દેશોમાંથી કુલ ૨૬ વૈજ્ઞાનિકોએ ભાગ લીધેલ હતો તથા ભારતના કુલ ૧૦૪ વૈજ્ઞાનિકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.
(૩)	ઉક્ત પરિષદમાં મુખ્ય ક્યા વિષયો પર ચર્ચા કરવામાં આવી?	(૩)	ઉક્ત પરિષદમાં ભૂકંપ વિજ્ઞાન અને પૃથ્વીના બંધારણ સંબંધિત આધુનિક સંશોધનો પર વિસ્તૃત અને ગહન ચર્ચા કરવામાં આવી હતી. પરિષદના મુખ્ય વિષયો તરીકે પૃથ્વીની ભૂપૃષ્ઠ રચના (Crustal Structure), ટેક્ટોનિક પ્રક્રિયાઓ (Tectonic Processes), ભૂકંપીય પ્રવૃત્તિ અને ભૂકંપ ઉત્પત્તિ પ્રક્રિયા (Seismicity Seismogenesis), સપાટી વિકૃતિ અને સ્ટ્રેન સંગ્રહ (Surface Deformation & Strain Accumulation), પ્રાચીન ભૂકંપ વિજ્ઞાન અને નૂતન ટેક્ટોનિક ગતિઓ (Paleo seismology & Neotectonics), તેમજ ભૂકંપ જોખમ નકશાંકન અને જોખમ મૂલ્યાંકન (Seismic Hazard Mapping & Risk Assessment) જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી.

સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

15/8/1556 **શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી** (કરંજ) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને	(૧)	૬૮
(૨)	ઉક્ત સ્થિતિએ આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી?	(૨)	૨૩૬૨૦

ગીરનાર અભ્યારણ ખાતે આવેલ સફારી પાર્ક

15/8/1590 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીરનાર અભયારણ્ય ખાતે કોઈ સફારી પાર્ક કાર્યરત છે કે કેમ, અને	(૧) હા,જી
(૨)	જો હા, તો ઉકત સફારી પાર્કમાં કેટલી જીપ્સીઓ(વાહનો) રાખવામાં આવેલ છે?	(૨) કુલ–૧૦ જીપ્સીઓ રાખવામાં આવેલ છે.

નર્મદા જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/8/1543 શ્રી ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને સહાય આપવામાં આવી, અને	(૧)	૨૦૧
(૨)	ઉક્ત સ્થિતિએ તેમાં કુલ કેટલી રકમની સહાય આપવામાં આવી ?	(૨)	૩. ૬,૦૩,૦૦૦/–

સુરત જિલ્લામાં બોઈલરનું નિરીક્ષણ

15/8/1570 શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	સુરત જીલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં બોઈલર તંત્ર દ્વારા કુલ કેટલા બોઈલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,	(૧)	૧૦૩૫
(૨)	ઉકત તપાસ દરમ્યાન કેટલા બોઈલરોમાં ખામી જણાયેલ, અને	(૨)	૧૪૦
(3)	ઉકત ખામી બાબતે શા પગલાં લેવામાં આવેલ છે?	(3)	ખામી ધરાવતા બોઈલરોનું નિયમોનુસાર રિપેરીંગની પ્રક્રિયા કરાવીને બોઈલર ચલાવવા માટેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

રાજ્યમાં ગજ્યત્રુ **યોજના હેઠળ તાલીમ**

૧૫/૮/૧૫૬૦ **શ્રી સરદારભાઈ શામળભાઈ ચૌધરી (ખેરાલુ): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે: –**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગજ્યત્રુ યોજના હેઠળ કેટલા તાલીમાર્થીઓને તાલીમ મળેલ છે,	(૧)	૪૧૦૫
(૨)	આ યોજના હેઠળ મહિલાલક્ષી કયા કોર્ષ ચલાવવામાં આવે છે,	(૨)	(૧) આરી એન્ડ ઝરદોશી એમ્બ્રોઇડરી, (૨) આસિસ્ટન્ટ બ્યુટી થેરાપિસ્ટ, (૩)આસિસ્ટન્ટ બ્યુટી વેલનેસ એન્ડ કન્સલ્ટન્ટ, (૪) આસિસ્ટન્ટ હેર ડ્રેસર એન્ડ સ્ટાઈલિસ્ટ, (૫)આસિસ્ટન્ટ નેઈલ ટેક્નિશિયન, (૬) આસિસ્ટન્ટ યોગા ઈન્સ્ટ્રક્ટર, (૭) બ્યુટી થેરાપિસ્ટ, (૮) હેર ડ્રેસર એન્ડ સ્ટાઈલિસ્ટ, (૯) હેન્ડ એમ્બ્રોઇડરી, (૧૦) મલ્ટી ક્યુઝીન કુક, (૧૧) પ્રોફેશનલ મેકઅપ આર્ટિસ્ટ, (૧૨) સેલ્ફ એમ્પ્લોયડ ટેલર અને (૧૩) સુઇંગ મશીન ઓપરેટર

(૩)	આ યોજના હેઠળ ઉકત સ્થિતિએ કુલ કેટલી ઈંઝઈં માં કોર્ષ ચલાવવામાં આવેલ છે, અને	(૩)	૯૨
(૪)	આ ટુંકાગાળાના અભ્યાસક્રમોની પરીક્ષા તેમજ સર્ટીફીકેશન કોના દ્વારા થાય છે?	(૪)	ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (ઋૠઈટઝ)

રાજ્ય સરકારે ઓક્ટોબર–૨૦૨૫ માં જાહેર કરેલ કૃષિ રાહત પેકેજ

15/8/1978: શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	ઓક્ટોબર–૨૦૨૫માં રાજ્ય સરકારે ખેડૂતોને મદદરૂપ થવા કોઈ પાક નુકશાની સહાય ચુકવવા "કૃષિ રાહત પેકેજ" જાહેર કરેલ છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા તો ઉક્ત "કૃષિ રાહત પેકેજ" ના સહાયના ધોરણો શાં છે,અને	(૨)	તમામ પાકોમાં કે જેમાં ૩૩ % કે તેથી વધુ નુકસાન થયેલ હોય તેના માટે ૩.૨૨,૦૦૦/– પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ બે(૨) હેકટરની મર્યાદામાં સહાય. જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવાની રકમ ૩.૫૦૦૦/– કરતાં ઓછી થતી હોય તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩.૫૦૦૦/–
(૩)	ઉક્ત"કૃષિ રાહત પેકેજ" અંતર્ગત રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે?	(૩)	૨૭,૯૯,૯૨૭ ખેડૂતોને ૩.૮૦૨૩.૨૯ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

પંચમહાલ જિલ્લામાં પવિત્ર ઉપવન બનાવવા બાબત

15/8/1395 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ)** (શહેરા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ક્યા સ્થળે પવિત્ર ઉપવન બનાવવામાં આવેલ છે, અને	(૧)	<table><tr><th>વર્ષ</th><th>તાલુકાનું નામ</th><th>સ્થળનું નામ</th><th>પવિત્ર ઉપવનની સંખ્યા</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>હાલોલ</td><td>તલવાડી</td><td>૧</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>–</td><td>–</td><td>૦</td></tr></table>
(૨)	ઉક્ત પવિત્ર ઉપવનમાં મુખયત્વે કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.	(૨)	પવિત્ર ઉપવનમાં મુખ્યત્વે વડ, જાંબુ, બીલી, સીમળો, કચનાર, કણજ, આંબા વગેરે જેવા રોપાઓનું વાવેતર કરેલ છે. ઉપરાંત સુશોભન રોપા જેવા કે ગરમાળો, બોગનવેલ, જાસુદ, પાનકૂટી, ટેકોમા, ખરસાણી, લીલી મહેંદી જેવા રંગબેરંગી રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ અંતર્ગત આવતા રસ્તાઓની પરવાનગી બાબત

15/8/2395 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા)**: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જીલ્લાના તાલુકાવાર દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન વિભાગ અંતર્ગત આવતા કેટલા રસ્તાની પરવાનગી આપવામાં આવી,	(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન વિભાગ અંતર્ગત આવતા કુલ ૧૬ રસ્તાની દરખાસ્તો મળેલ જે પૈકી નીચેની વિગતે કુલ ૧૩ રસ્તાની દરખાસ્તોને પરવાનગી આપવામાં આવેલ છે. <table><tr><th>અ. નં.</th><th>તાલુકાનું નામ</th><th>વર્ષ</th><th>મંજુર થયેલ રસ્તાની સંખ્યા</th></tr><tr><td>૧</td><td>દાંતા</td><td>૨૦૨૪</td><td>૧</td></tr><tr><td rowspan="2">૨</td><td rowspan="2">અમીરગઢ</td><td>૨૦૨૪</td><td>૨</td></tr><tr><td>૨૦૨૫</td><td>૧૦</td></tr><tr><td>૩</td><td>હડાદ</td><td>–</td><td>–</td></tr><tr><td colspan="3">કુલ</td><td>૧૩</td></tr></table>

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા રસ્તાઓની પરવાનગી બાકી છે, અને	(૨) કુલ ૩ રસ્તા
(૩)	ઉક્ત બાકી રસ્તાઓ માટે કયા સુધીમાં પરવાનગી આપવામાં આવશે?	(૩) ઉક્ત બાકી રસ્તાઓની દરખાસ્તો પુર્તતા અર્થે સબંધિત યુઝર એજન્સી પાસે પડતર છે, પુર્તતા થયેથી કાર્યવાહી કરવા આવશે.

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બાથરૂમ બાંધકામ સહાય

15/8/1612 શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર (સુરત (ઉત્તર)) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦% રાજ્ય ફાળા હેઠળ 'બાથરૂમ બાંધકામ સહાય યોજના' અમલમાં છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ 'બાથરૂમ બાંધકામ સહાય યોજના' હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને	(૨)	પ્રતિ લાભાર્થી રૂ.૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા).
(૩)	આ સહાય લાભાર્થીને કયા માધ્યમથી ચૂકવવામાં આવે છે ?	(૩)	ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર) ના માધ્યમથી ચૂકવવામાં આવે છે.

રાજ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં સંશોધન અને પ્રોત્સાહન માટે લીધેલ પગલાં

15/8/1631 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ** (તળાજા) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અધ્યયન, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કયા પગલાં લેવામાં આવ્યા?	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના અભ્યાસ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વિવિધ વ્યૂહાત્મક અને સંસ્થાગત પગલાં લીધા છે. AI ક્ષેત્રે કેન્દ્રિત અને સંકલિત સંશોધન માટે રાજ્ય સરકારે India AI Research Organisation (IAIRO) ની સ્થાપનાને મંજૂરી આપી છે, જેને Section-૮ હેઠળ કંપની તરીકે રચવામાં આવી રહી છે. IAIRO દ્વારા AI આધારિત સંશોધન, અદ્યતન મોડલ વિકાસ, સરકારી વિભાગો માટે ડેટા આધારિત સોલ્યુશન્સ વગેરે માટે અભ્યાસ હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે AI ટાસ્ક ફોર્સની રચના કરીને, તેના સૂચનો પર આધારિત Gujarat AI Action Plan અમલમાં મૂક્યો છે, જેના અંતર્ગત AI આધારિત રોડમેપ પ્રમાણે વિવિધ સ્તરે કાર્યો કરવામાં આવી રહ્યા છે તેમજ વિભાગવાર ડેટા પર આધારિત નિર્ણય વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાજ્યના નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ ના અંદાજપત્રમાં Gujarat Future Technologies Initiative ની પ્રસ્તાવના મંજૂર કરવામાં આવેલ છે. જે મારફત AI અને અન્ય DeepTech ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી છે, જેમાં યુનિવર્સિટીઓમાં AI / ડેટા લેબ્સની સ્થાપના, Industry-Academia Collaboration, PhD અને Post-Doctoral

			સંશોધન માટે માર્ગદર્શન તેમજ GPU આધારિત High Performance Computing સુવિધાઓના વિકાસને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યમાં AI આધારિત સ્ટાર્ટઅપ્સને ઇન્ક્યુબેશન સહાય, પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ ગ્રાન્ટ તથા Sandbox Policy હેઠળ પાયલોટ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અધિકારીઓ તથા વિદ્યાર્થીઓ માટે AI/ML ક્ષેત્રે ટ્રેનિંગ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમો પણ અમલમાં મૂકવામાં આવ્યા છે. આ તમામ પગલાંઓ દ્વારા રાજ્ય સરકારે AI ક્ષેત્રે સંશોધન, નવીનતા અને અમલીકરણ માટે મજબૂત ઇકોસિસ્ટમ વિકસાવવાનો દિશાસૂચક પ્રયાસ કર્યો

———

રાજ્યમાં કરવામાં આવેલ પક્ષી ગણતરી

15/8/1588 **શ્રીમતી કંચનબેન વિનુભાઈ રાદડિયા** (ઠક્કરબાપાનગર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં પક્ષી ગણતરી છેલ્લે કયારે હાથ ધરવામાં આવેલ, અને	(૧)	રાજ્યમાં છેલ્લે પક્ષી ગણતરી વર્ષ ૨૦૨૩–૨૪ માં હાથ ધરવામાં આવેલ છે.
(૨)	ઉકત પક્ષી ગણતરી મુજબ રાજ્યમાં કેટલી પ્રજાતિના પક્ષીઓ નોંધાયેલ છે?	(૨)	પક્ષી ગણતરી મુજબ રાજ્યમાં કુલ–૩૧૫ પ્રજાતિઓના પક્ષી નોંધાયેલ છે.

————————

નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં દિપડાના હુમલાથી માનવ મૃત્યુ

15/8/2302 **શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા** (દેડીયાપાડા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર માનવ પર દિપડાઓના હુમલાઓની કેટલી ઘટનાઓ બની છે?</td><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર માનવ પર દિપડાઓના હુમલાઓની નીચે મુજબ ઘટનાઓ બની છે.
<table>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2">જિલ્લો</th><th rowspan="2">તાલુકો</th><th colspan="3">વર્ષ</th></tr>
<tr><th>૨૦૨૪</th><th>૨૦૨૫</th><th>૨૦૨૬</th></tr>
<tr><td>૧</td><td rowspan="3">છોટાઉદેપુર</td><td>છોટાઉદેપુર</td><td>૨</td><td>૮</td><td>૧</td></tr>
<tr><td></td><td>પાવીજેતપુર</td><td>૨</td><td>૩</td><td>૦</td></tr>
<tr><td></td><td>બોડેલી</td><td>૦</td><td>૧</td><td>૦</td></tr>
<tr><td>૨</td><td rowspan="3">નર્મદા</td><td>ગરૂડેશ્વર</td><td>૨</td><td>૦</td><td>૦</td></tr>
<tr><td></td><td>તિલકવાડા</td><td>૪</td><td>૧</td><td>૦</td></tr>
<tr><td></td><td>નાંદોદ</td><td>૦</td><td>૦</td><td>૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ કેટલા માનવ ઘાયલ અને મૃત્યુ પામેલ છે, અને</td><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ ઘાયલ/મૃત્યુ પામેલ માનવની વિગત નીચે મુજબ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>વર્ષ</th><th>માનવ મૃત્યુની સંખ્યા</th><th>માનવ ઈજાની સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>તા.૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪</td><td>૪</td><td>૬</td></tr>
<tr><td>૨</td><td>તા.૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫</td><td>૧</td><td>૧૨</td></tr>
<tr><td>૩</td><td>તા.૦૧/૦૧/૨૦૨૬ થી ૩૧/૦૧/૨૦૨૬</td><td>૦</td><td>૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>ઉકત સ્થિતિએ કેટલા દિપડા પકડાયેલ અને કેટલા પકડવાના બાકી</td><td>(૩)</td><td>ઉકત સ્થિતિએ પકડવાના થતાં કુલ–૧૪ દિપડા પકડવામાં આવેલ છે, અને કોઈ દિપડો પકડવાનો બાકી નથી.</td></tr>
</table>

	છે?		

છોટાઉદેપુર જિલ્લામાં સામુહિક શોકપીટના બાંધકામ

15/8/1618 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા સામૂહિક શોકપીટના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૧)	૮૬૮ સામુહિક શોકપીટ
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ.૧,૯૭,૫૮,૯૧૬/-(એકે રૂપિયા એક કરોડ સત્તાણુ લાખ અઠ્ઠાવન હજાર નવસો સોળ પુરા)

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અંતર્ગત ચાલતા શૈક્ષણિક કાર્યક્રમો

15/8/1634 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કર્યા છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ક્યારથી અને કયા શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કર્યા છે, અને	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા ઓગસ્ટ ૨૦૨૨થી M.Sc. કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં એનિમલ બાયોટેકનોલોજી, એન્વાયરમેન્ટલ બાયોટેકનોલોજી, ઈન્ડસ્ટ્રીયલ બાયોટેકનોલોજી, મેડિકલ બાયોટેકનોલોજી અને પ્લાન્ટ બાયોટેકનોલોજી વિષયોમાં અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, ઓક્ટોબર ૨૦૨૩થી Ph.D. કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે.
(૩)	ઉક્ત શૈક્ષણિક કાર્યક્રમોમાં રાજ્ય બહારના કેટલા વિદ્યાર્થીઓને આકર્ષવામાં આવ્યા?	(૩)	વર્ષ ૨૦૨૨થી M.Sc. અને Ph.D.ના શૈક્ષણિક કાર્યક્રમોમાં કુલ ૪૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે જેમાંથી રાજ્ય બહારના ૨૩૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

અમરેલી જિલ્લામાં પશુ એમ્બ્યુલન્સ

15/8/1384 શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી પશુ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે.	(૧)	શૂન્ય
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ એમ્બ્યુલન્સ માટે ડ્રાઇવર અને સ્ટાફની અછતને કારણે કેટલીક એમ્બ્યુલન્સ સેવા બંધ છે, તે હકીકત ખરી છે, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	જો હા, તો ઉક્ત સ્ટાફની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જૂનાગઢ જિલ્લામાં વિસાવદરથી કાછીયાનેસ સાસણ રોડ બાબત

15/8/2309 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા** (વિસાવદર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧/૨૦૨૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગીર અભ્યારણ માંથી પસાર થતા વિસાવદર થી સાસણના કાચા રસ્તાને પાકો બનાવવા છેલ્લા બે વર્ષમાં વન વિભાગ પાસે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મંજૂરીઓ માંગવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,	(૧)	ના, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ વન વિભાગ દ્વારા મંજૂરી આપેલ છે કે કેમ, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	જો ના, તો મંજૂરી નહીં આપવાના કારણો શાં છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડા જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/8/1547 : શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા (કપડવંજ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકારશ્રી દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને	(૧)	હા
(૨)	જો હા, તો શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ-૧૩૬૫ લાભાર્થીઓને રૂ.૨,૩૮,૩૦,૦૦૦/-

---

ગુજરાત ઈલેકટ્રોનિક પોલિસી (૨૦૨૨-૨૮) અંતર્ગત મળેલ અરજીઓ

15/8/1649 શ્રી ચૈતન્ય મકરંદભાઇ દેસાઇ (અકોટા): **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઈલેકટ્રોનિકસ પોલિસી (૨૦૨૨-૨૮) અંતર્ગત કેટલી અરજી મળેલ છે, અને	(૧)	ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ પોલિસી(૨૦૨૨-૨૮) અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ૪૧ અરજી મળેલ છે જેમાંથી ૨૩ અરજીઓને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.
(૨)	જે અન્વયે રાજયમાં કેટલું રોકાણ આવવાની સંભાવના છે?	(૨)	ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે અત્યાર સુધી કુલ અંદાજિત રૂ.૩૧,૩૪૦ કરોડનું રોકાણ આવવાની સંભાવના છે.

રાજ્યના બંધ કતલખાનાઓનાં અઠવાડિક ક્વોટા રદ કરવા બાબત

15/8/2381 ડૉ.કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ઘી એસેનસીઅલ કોમોડીટીઝ એન્ડ કેટલ કન્ટ્રોલ એક્ટ ૨૦૦૫ અન્વયે રાજ્યમાં રેગ્યુલેટેડ કતલખાનામાં ભેંસોની મહત્તમ કતલના અઠવાડીક ક્વોટા રાજય સરકાર દ્વારા તા. ૧૬-૧૧-૨૦૦૫ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ક્યા કતલખાનાઓ બંધ હાલતમાં છે તથા અસ્તિત્વમાં નથી, અને	(૨)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ તા.૧૬-૧૧-૨૦૦૫ ના જાહેરનામામાં ઉલ્લેખિત નીચેના સ્થળોએ કતલખાના બંધ હાલતમાં છે.

કલોલ	ધોળકા	છોટાઉદેપુર

			(જિ–ગાંધીનગર)		
			કપડવંજ	બોરસદ	નડિયાદ
			કેમબેય (ખંભાત)	પેટલાદ	ભાલેજ
			આણંદ	બાલાસિનોર	ગોધરા
			દાહોદ	ભરૂચ	અંકલેશ્વર
			જુનાગઢ	ઉના	કુતિયાણા
			માંગરોળ	ઘોરાજી	ગોંડલ
			માળીયા–મિયાણા	દસાડા	ભાવનગર
			મહુવા		
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બંધ જાહેર થયેલ તથા અસ્તિત્વમાં ન હોય તેવા રેગ્યુલેટેડ કતલખાનાનો ક્વોટા રદ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	ઉક્ત સ્થળોના કતલખાનાનો ક્વોટા સ્થગિત કરવાની કાર્યવાહી સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ છે.		

અમદાવાદ અને વડોદરા શહેરમાં હવાની ગુણવત્તા માપનના મોનીટરીંગ સ્ટેશન

15/8/2398 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં માસવાર હવાની ગુણવત્તા માપનના મોનીટરીંગ સ્ટેશન દ્વારા અમદાવાદ અને વડોદરા શહેરમાં શહેરવાર PM10, PM2.5, CO અને SO2નો રીડીંગ ડેટા કેટ–કેટલો છે ?	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં માસવાર હવાની ગુણવતા માપનના કન્ટીન્યુઅસ મોનીટરીંગ સ્ટેશનના અમદાવાદ શહેરમાં કેન્દ્રીય પ્રદુષણ નિયત્રણ બોર્ડના ઓનલાઇન વેબપોર્ટલ "સેન્ટ્રલ કંટ્રોલ રૂમ ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ" તથા વડોદરા શહેર માટે કન્ટિન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન પરથી પ્રાપ્ત માહિતી મુજબ PM10, PM2.5, CO અને SO2નો માસવાર સરેરાશ રીડિંગ ડેટા બિડાણ–૦૧ પ્રમાણે છે.

બિડાણ – ૦૧

૧. **અમદાવાદ શહેર:**

અમદાવાદ– કન્ટિન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (CAAQMS)– ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટીઓરોલોજી (IITM*) ના કુલ ૦૭ સ્ટેશન અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આધારિત (GPCB#)ના કુલ ૦૨ સ્ટેશન આધારિત સરેરાશ રિડીંગ ડેટા :

પેરામિટર્સ	એકમ	ઓક્ટોબર–૨૫	નવેમ્બર–૨૫	ડીસેમ્બર–૨૫	જાન્યુંઆરી–૨૬
PM10	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૯૯.૪૩	૧૫૦.૮૭	૧૩૮.૨૩	૧૪૧.૧૧
PM2.5	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૪૬.૫૪	૬૪.૩૯	૬૦.૯૧	૬૧.૫૪
SO2	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૧૪.૧૪	૧૬.૫૫	૧૯.૬૩	૨૨.૫૩
CO	મિલિગ્રામ પ્રતિ ઘન મીટર	૦.૬૮	૦.૯૨	૦.૭૫	૦.૭૦

કન્ટીન્યુઅસ એમ્બીએન્ટ એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશનની વિગત:

IITM* – ૦૭ સ્ટેશન (ચાંદખેડા, ગ્યાસપુર, SAC ISRO બોપલ, SAC ISRO સેટેલાઇટ, રાયખડ, રખિયાલ અને SVPI એરપોર્ટ)

GPCB# - ૦૨ સ્ટેશન (વટવા GIDC અને મણિનગર)

૨. **વડોદરા શહેર:**

વડોદરા - કન્ટિન્યુઅસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (CAAQMS) – નંદેસરી ખાતે આવેલ એક સ્ટેશન આધારિત સરેરાશ રિડીંગ ડેટા :

પેરામિટર્સ	એકમ	ઓક્ટોબર–૨૫	નવેમ્બર–૨૫	ડીસેમ્બર–૨૫	જાન્યુંઆરી–૨૬
PM10	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૯૦.૨૬	૭૯.૨૬	૯૪.૩૫	૧૯૦.૩૬
PM2.5	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૬૦.૬૩	૪૭.૧૭	૬૫.૭૨	૯૫.૮૧
SO2	માઇક્રો ગ્રામ પ્રતિ ઘન મીટર	૦.૭૫	૧.૮૧	૦.૦૦	0.૯૩
CO	મિલિગ્રામ પ્રતિ ઘન મીટર	CO એનલાઇઝર ઉપલબ્ધ નથી.			

ગાંધીનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/8/1541 શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ગાય–ભેંસ માટેની ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૨,૮૫૧
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	૩.૧,૧૩,૩૨,૭૨૫/–

પંચમહાલ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

15/8/1599 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ** (કાલોલ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **વિસ્તાર (હેક્ટરમાં)** ૨૦૨૪–૨૫ / ૩૬૨.૦૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૩૭.૫૦
(૨)	તે પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫ / ૮૧૭.૫૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૭૩૪.૯૫

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

જલાલપોર તાલુકાના સીમડ ગામ ખાતે બનાવેલ વન કવચ

15/8/1601 **શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઇ** (નવસારી): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના સીમડ ગામ ખાતે વન કવચ બનેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત વન કવચ ક્યારે બનાવેલ છે, અને	(૨)	<table><tr><th>વર્ષ</th><th>વન કવચની સંખ્યા</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>૧</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>૧</td></tr></table>
(૩)	વનકવચ કેટલા વિસ્તારમાં બનેલ છે અને તેમાં કેટલા રોપાનું વાવેતર કરેલ છે?	(૩)	<table><tr><th>વર્ષ</th><th>વન કવચનું વિસ્તાર (હેક્ટરમાં)</th><th>વાવેતર કરેલ રોપાની સંખ્યા</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>૪</td><td>૪૦,૦૦૦</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>૧</td><td>૧૦,૦૦૦</td></tr></table>

કચ્છ જીલ્લામાં આવેલ પાંજરાપોળમાં પશુ સહાય બાબત

15/8/1658 પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી પાંજરાપોળ આવેલી છે,	(૧)	<table><tr><th>તાલુકો</th><th>પાંજરાપોળની સંખ્યા</th></tr><tr><td>અંજાર</td><td>૬</td></tr><tr><td>અબડાસા</td><td>૭</td></tr><tr><td>નખત્રાણા</td><td>૨</td></tr><tr><td>ભચાઉ</td><td>૯</td></tr><tr><td>ભુજ</td><td>૧૭</td></tr><tr><td>માંડવી</td><td>૯</td></tr><tr><td>મુન્દ્રા</td><td>૯</td></tr><tr><td>રાપર</td><td>૮</td></tr><tr><td>લખપત</td><td>૩</td></tr><tr><td>**કુલ**</td><td>**૭૦**</td></tr></table>
(૨)	તે પૈકી પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે છે, અને	(૨)	પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે તેની યાદી પત્રક –૧ આ સાથે સામેલ રાખેલ છે.
(૩)	ઉક્ત પાંજરાપોળના પશુઓ માટે પાંજરાપોળવાર છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચુકવવામાં આવી ?	(૩)	પાંજરાપોળવાર છેલ્લા બે વર્ષમાં આપેલ સહાયની યાદી પત્રક –૨ આ સાથે સામેલ રાખેલ છે.

પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે તેની યાદી પત્રક –૧

નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	પશુઓ
૧	શ્રી નગાવલાડીયા ગૌશાળા પાંજરાપોળ ચેરિટેબલ ટ્રસ્ટ	નગાવલાડીયા	અંજાર	કચ્છ	૩૪૧
૨	શ્રી ખેડોઈ ગૌશાળા પાંજરાપોળ	ખેડોઈ	અંજાર	કચ્છ	૩૩૪

અતારાંકિત પ્રશ્નો

પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે તેની યાદી પત્રક –૧					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	પશુઓ
૩	શ્રી ચાંદ્રોડા ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	ચાંદ્રોડા	અંજાર	કચ્છ	૬૮૫
૪	દાડમ દાદા પ્રેરીત પાજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ	માથક	અંજાર	કચ્છ	૭૨૨
૫	શ્રી અંજાર પાંજરાપોળ	રાતાતળાવ	અંજાર	કચ્છ	૫૪૦
૬	શ્રી વીરા પાંજરાપોળ ટ્રસ્ટ	વીરા	અંજાર	કચ્છ	૩૭૨
૭	શ્રી કોઠારા પાંજરાપોળ	કોઠારા	અબડાસા	કચ્છ	૨૪૩
૮	શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ	જખૌ	અબડાસા	કચ્છ	૨૮૦
૯	શ્રી તેરા પાંજરાપોળ	તેરા	અબડાસા	કચ્છ	૧૫૮
૧૦	શ્રી કચ્છી ભાનુશાલી ઓઘવરામ સત્સંગ મંડળ	નરેડી	અબડાસા	કચ્છ	૧૮૧૭
૧૧	શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ	નલીયા	અબડાસા	કચ્છ	૨૨૫
૧૨	શ્રી કચ્છી ભાનુશાલી સંત શ્રી ઓઘવરામજી મહારાજ સાર્વજનિક સેવા મંડળ	રાતાતળાવ	અબડાસા	કચ્છ	૨૬૦૪
૧૩	શ્રી સુથરી પાંજરાપોળ	સુથરી	અબડાસા	કચ્છ	૨૭૭
૧૪	શ્રી નખત્રાણા ગૌસેવા કેન્દ્ર	નખત્રાણા	નખત્રાણા	કચ્છ	૮૪૬
૧૫	પાટીદાર સેવા સંઘ અને ગૌરક્ષા કેન્દ્ર	મથલ	નખત્રાણા	કચ્છ	૫૭૭
૧૬	શ્રી આઘોઈ પાંજરાપોળ	આઘોઈ	ભચાઉ	કચ્છ	૧૨૨૫
૧૭	શ્રી મહાકાલી ગૌશાળા ટ્રસ્ટ પાંજરાપોળ	આઘોઈ	ભચાઉ	કચ્છ	૭૬
૧૮	શ્રી જીવદયા મંડ્ળ	ભચાઉ	ભચાઉ	કચ્છ	૧૬૩
૧૯	શ્રી ભચાઉ પાંજરાપોળ, ભચાઉ–૧	ભચાઉ	ભચાઉ	કચ્છ	૨૯૬૬
૨૦	શ્રી ભચાઉ પાંજરાપોળ–૨	ભચાઉ	ભચાઉ	કચ્છ	૧૬૯૦
૨૧	શ્રી મનફરા પાંજરાપોળ, મનફરા	મનફરા	ભચાઉ	કચ્છ	૨૯૯૬
૨૨	શ્રી મનફરા પાંજરાપોળ–૨ ગામ;-મનફરા	મનફરા	ભચાઉ	કચ્છ	૧૯૨૫
૨૩	શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ–૧	લાકડીયા	ભચાઉ	કચ્છ	૩૦૦૦
૨૪	શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ–૨	લાકડીયા	ભચાઉ	કચ્છ	૧૭૮૨
૨૫	શ્રી કોટાય ગૌશાળા અને પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ	કોટાય	ભુજ	કચ્છ	૧૪૧
૨૬	શ્રી બાલકૃષ્ના ગૌશાળા પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ	કોડકી	ભુજ	કચ્છ	૩૬૦
૨૭	શ્રી ગોડપર લેવા પટેલ પાંજરાપોળ	ગોડપર	ભુજ	કચ્છ	૩૦૭
૨૮	સર્વોદય ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	ઘડિયાળો	ભુજ	કચ્છ	૫૬૨
૨૯	રામેશ્વર ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	ઝુરા કેમ્પ	ભુજ	કચ્છ	૨૫૨
૩૦	ઢોરી ગૌસેવા કેન્દ્ર	ઢોરી	ભુજ	કચ્છ	૬૫૫
૩૧	શ્રી ભુજ પાંજરાપોળ	નાગોર	ભુજ	કચ્છ	૬૩૫
૩૨	શ્રી નાના વરનોરા સાર્વજનિક ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	નાના વરનોરા	ભુજ	કચ્છ	૨૦૪
૩૩	શ્રી ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	બોલાડી - ઝિંકડી	ભુજ	કચ્છ	૫૭૫
૩૪	અજમેરી ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	મીસરીયાડો	ભુજ	કચ્છ	૭૯૮

પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે તેની યાદી પત્રક –૧					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	પશુઓ
૩૫	લુણા નાના ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	લુણા નાના	ભુજ	કચ્છ	૪૮૦
૩૬	પુજ્યશ્રી પારબ્રહ્મદેવ સંતગુરુ મેકણદાદા કાપડી ગૌશાળા અને પાંજરાપોળ	લોડાઇ	ભુજ	કચ્છ	૪૯૮
૩૭	શ્રી સાર્વજનિક ગૌશાળા પાંજરાપોળ ચે. ટ્રસ્ટ	લોરીયા	ભુજ	કચ્છ	૧૧૯
૩૮	શ્રી યદુનંદન ગૌસેવા કેન્દ્ર	સુમરાસર	ભુજ	કચ્છ	૬૫૨
૩૯	માલધારી ગૌશાળા અને પાંજરાપોળ ચે. ટ્રસ્ટ	સુમરાસર	ભુજ	કચ્છ	૪૪૫
૪૦	શ્રી સુપાર્શ્વ જૈન સેવા મંડળ	સેડાતા	ભુજ	કચ્છ	૯૧૧
૪૧	શ્રી હબાય ગૌશાળા અને પાંજરાપોળ	હબાય	ભુજ	કચ્છ	૨૨૧
૪૨	શ્રી ગઢશીશા જીવ સુરક્ષા જૈન ચેરીટેબલ એન્ડ રીસર્ચ ટ્રસ્ટ	ગઢશીશા	માંડવી	કચ્છ	૧૨૬૨
૪૩	શ્રી ઈશ્વરેશ્વર ગૌસેવા અને વિવિધલક્ષી ટ્રસ્ટ સંચાલિત શ્રી સુમતિનાથ પાંગળપોળ	તલવાણા	માંડવી	કચ્છ	૪૯૩
૪૪	શ્રી નાગલપુર જીવદયા કેન્દ્ર	નાગલપરમોટી	માંડવી	કચ્છ	૨૨૯
૪૫	શ્રી આશાપુરા માતાજી મંદિર તથા ગૌશાળા અને પાંજરાપોળ	નાનારતડીયા	માંડવી	કચ્છ	૧૫૧
૪૬	શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ – ગૌશાળા પોલડીયા શાખા	પોલડીયા	માંડવી	કચ્છ	૬૦૪
૪૭	શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા	બિદડા	માંડવી	કચ્છ	૨૨૨૩
૪૮	શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ – ગૌશાળા નાગલપુરશાખા	માંડવી	માંડવી	કચ્છ	૬૪૬
૪૯	શ્રી જ્યોતેશ્વર મહાદેવ ગૌશાળા પાંજરાપોળ ચેરી. ટ્રસ્ટ	રાજડા	માંડવી	કચ્છ	૨૭૫
૫૦	હરિહર ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	હમલા	માંડવી	કચ્છ	૨૧૨
૫૧	શ્રી રતાડિયા ગૌશાળા પાંજરાપોળ	રતાડીયા	મુંદ્રા	કચ્છ	૬૭૨
૫૨	ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, પ્રાગપર	પ્રાગપર	મુંદ્રા	કચ્છ	૨૮૪૦
૫૩	શ્રી કાંડાગરા પાંગરાપોળ તથા જીવદયા સેવા ટ્રસ્ટ	કાંડાગરા	મુંદ્રા	કચ્છ	૨૯૧
૫૪	શ્રી ગુંદાલા મુંબઈ મહાજન	ગુંદાલા	મુંદ્રા	કચ્છ	૯૨૦
૫૫	શ્રી છસરા જીવદયા કેન્દ્ર	છસરા	મુંદ્રા	કચ્છ	૧૦૮
૫૬	શ્રી ભુજપુર પાંગરાપોળ	ભુજપુર	મુંદ્રા	કચ્છ	૨૬૫૩
૫૭	શ્રી કચ્છ મુંદ્રા પાંજરાપોળ અને ગૌશાળા	મુંદ્રા	મુંદ્રા	કચ્છ	૨૩૬૮
૫૮	શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર	લૂણી	મુંદ્રા	કચ્છ	૬૯૧
૫૯	શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન	વડાલા	મુંદ્રા	કચ્છ	૮૫૩
૬૦	શ્રી આડેસર જીવદયા કેંદ્ર	આડેસર	રાપર	કચ્છ	૯૭૯
૬૧	શ્રી ગાગોદર પાંજરાપોળ ટ્રસ્ટ	ગાગોદર	રાપર	કચ્છ	૭૦
૬૨	શ્રી ત્રંબૌ મહાજન પાંજરાપોળ	ત્રંબૌ	રાપર	કચ્છ	૨૬૮
૬૩	શ્રી પદમપર જીવદયા કેંદ્ર	પદમપર	રાપર	કચ્છ	૨૭૫૦
૬૪	શ્રી જૈન આચાર્ય અજરામજી સ્વામી ગૌશાળા પંજરપોળ ટ્રસ્ટ	મોમાયમોરા	રાપર	કચ્છ	૭૯૬
૬૫	શ્રી જીવદયા મંડળ રાપર પાબુશ્રી વિભાગ	રાપર	રાપર	કચ્છ	૩૦૦૦
૬૬	શ્રી જીવદયા મંડળ રાપર બકના વિભાગ	રાપર	રાપર	કચ્છ	૩૦૦૦

અતારાંકિત પ્રશ્નો

પાંજરાપોળવાર કેટલા પશુઓ વસવાટ કરે તેની યાદી પત્રક –૧					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	પશુઓ
૬૭	શ્રી જીવદયા મંડળ રાપર	રાપર	રાપર	કચ્છ	૭૧૪
૬૮	શ્રી કચ્છ નારાયણ સરોવર ગૌશાળા અને પાંજરાપોળ	નારાયણસરોવર	લખપત	કચ્છ	૯૯૦
૬૯	મોરાવાંઢ ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	સાન્ધ્રો વાંઢ	લખપત	કચ્છ	૪૦૦
૭૦	અમન ગૌશાળા પાંજરાપોળ	સાન્ધ્રો વાંઢ	લખપત	કચ્છ	૫૪૫

પાંજરાપોળવાર છેલ્લા બે વર્ષમાં આપેલ સહાયની યાદી તા.૦૧–૦૧–૨૦૨૪ થી ૩૧–૧૨–૨૦૨૫ સ્થિતિએ પત્રક –૨					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	આપેલ સહાય રકમ
૧	શ્રી નગાવલાડીયા ગૌશાળા પાંજરાપોળ ચેરિટેબલ ટ્રસ્ટ	નગાવલાડીયા	અંજાર	કચ્છ	૪૭૧૮૪૬૦
૨	શ્રી ખેડોઈ ગૌશાળા પાંજરાપોળ	ખેડોઈ	અંજાર	કચ્છ	૮૪૭૯૦૨૦
૩	શ્રી ચાંદ્રોડા ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	ચાંદ્રોડા	અંજાર	કચ્છ	૧૩૧૭૨૫૫૦
૪	દાડમ દાદા પ્રેરીત પાજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ	માથક	અંજાર	કચ્છ	૧૫૭૯૨૩૦૦
૫	શ્રી અંજાર પાંજરાપોળ	રાતાતળાવ	અંજાર	કચ્છ	૧૧૮૬૪૦૪૦
૬	શ્રી વીરા પાંજરાપોળ ટ્રસ્ટ	વીરા	અંજાર	કચ્છ	૮૦૬૭૩૬૦
૭	શ્રી કોઠારા પાંજરાપોળ	કોઠારા	અબડાસા	કચ્છ	૪૨૦૦૫૧૦
૮	શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ	જખૌ	અબડાસા	કચ્છ	૬૫૬૦૪૬૦
૯	શ્રી તેરા પાંજરાપોળ	તેરા	અબડાસા	કચ્છ	૩૧૯૦૫૯૦
૧૦	શ્રી કચ્છી ભાનુશાલી ઓઘવરામ સત્સંગ મંડળ	નરેડી	અબડાસા	કચ્છ	૩૬૪૩૩૪૭૦
૧૧	શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ	નલીયા	અબડાસા	કચ્છ	૪૮૪૮૯૯૦
૧૨	શ્રી કચ્છી ભાનુશાલી સંત શ્રી ઓઘવરામજી મહારાજ સાર્વજનિક સેવા મંડળ	રાતાતળાવ	અબડાસા	કચ્છ	૫૮૭૦૨૧૪૦
૧૩	શ્રી સુથરી પાંજરાપોળ	સુથરી	અબડાસા	કચ્છ	૫૪૦૧૨૦૦
૧૪	શ્રી નખત્રાણા ગૌસેવા કેન્દ્ર	નખત્રાણા	નખત્રાણા	કચ્છ	૧૪૨૪૮૮૬૦
૧૫	પાટીદાર સેવા સંઘ અને ગૌરક્ષા કેન્દ્ર	મથલ	નખત્રાણા	કચ્છ	૧૧૮૬૫૯૩૦
૧૬	શ્રી આઘોઈ પાંજરાપોળ	આઘોઈ	ભચાઉ	કચ્છ	૨૫૧૭૨૧૬૦
૧૭	શ્રી મહાકાલી ગૌશાળા ટ્રસ્ટ પાંજરાપોળ	આઘોઈ	ભચાઉ	કચ્છ	૧૧૬૧૮૧૦
૧૮	શ્રી જીવદયા મંડ્ળ	ભચાઉ	ભચાઉ	કચ્છ	૪૦૯૭૮૮૦
૧૯	શ્રી ભચાઉ પાંજરાપોળ, ભચાઉ–૧	ભચાઉ	ભચાઉ	કચ્છ	૬૫૩૫૨૦૩૦
૨૦	શ્રી ભચાઉ પાંજરાપોળ–૨	ભચાઉ	ભચાઉ	કચ્છ	૩૧૯૫૦૬૩૦
૨૧	શ્રી મનફરા પાંજરાપોળ, મનફરા	મનફરા	ભચાઉ	કચ્છ	૬૫૭૭૯૦૮૦

અતારાંકિત પ્રશ્નો

પાંજરાપોળવાર છેલ્લા બે વર્ષમાં આપેલ સહાયની યાદી તા.૦૧-૦૧-૨૦૨૪ થી ૩૧-૧૨-૨૦૨૫ સ્થિતિએ પત્રક -૨					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	આપેલ સહાય રકમ
૨૨	શ્રી મનફરા પાંજરાપોળ-૨ ગામ;-મનફરા	મનફરા	ભચાઉ	કચ્છ	૨૭૮૦૧૯૬૦
૨૩	શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ-૧	લાકડીયા	ભચાઉ	કચ્છ	૬૫૭૯૦૦૦૦
૨૪	શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ-૨	લાકડીયા	ભચાઉ	કચ્છ	૩૮૪૦૭૫૯૦
૨૫	શ્રી કોટાય ગૌશાળા અને પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ	કોટાય	ભુજ	કચ્છ	૨૮૩૦૫૩૦
૨૬	શ્રી બાલકિષ્ના ગૌશાળા પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ	કોડકી	ભુજ	કચ્છ	૭૯૩૮૬૦૦
૨૭	શ્રી ગોડપર લેવા પટેલ પાંજરાપોળ	ગોડપર	ભુજ	કચ્છ	૭૩૬૮૩૬૦
૨૮	સર્વોદય ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	ઘડિયાળો	ભુજ	કચ્છ	૭૯૭૫૯૨૦
૨૯	રામેશ્વર ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	ઝુરા કેમ્પ	ભુજ	કચ્છ	૬૦૪૫૩૬૦
૩૦	ઢોરી ગૌસેવા કેન્દ્ર	ઢોરી	ભુજ	કચ્છ	૧૩૬૦૮૯૦૦
૩૧	શ્રી ભુજ પાંજરાપોળ	નાગોર	ભુજ	કચ્છ	૧૩૮૭૦૮૩૦
૩૨	શ્રી નાના વરનોરા સાર્વજનિક ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	નાના વરનોરા	ભુજ	કચ્છ	૧૬૦૨૬૦૦
૩૩	શ્રી ગૌશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ	બોલાડી - ઝિંકડી	ભુજ	કચ્છ	૧૧૬૦૭૯૦૦
૩૪	અજમેરી ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	મીસરીયાડો	ભુજ	કચ્છ	૧૧૩૪૯૭૨૦
૩૫	લુણા નાના ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	લુણા નાના	ભુજ	કચ્છ	૮૯૫૬૭૪૦
૩૬	પુજ્યશ્રી પારબ્રહ્મદેવ સંતગુરુ મેકણદાદા કાપડી ગૌશાળા અને પાંજરાપોળ	લોડાઇ	ભુજ	કચ્છ	૧૧૯૨૩૩૨૦
૩૭	શ્રી સાર્વજનિક ગૌશાળા પાંજરાપોળ ચે. ટ્રસ્ટ	લોરીયા	ભુજ	કચ્છ	૧૧૮૫૦૩૦
૩૮	શ્રી યદુનંદન ગૌસેવા કેન્દ્ર	સુમરાસર	ભુજ	કચ્છ	૧૨૬૩૦૦૯૦
૩૯	માલધારી ગૌશાળા અને પાંજરાપોળ ચે. ટ્રસ્ટ	સુમરાસર	ભુજ	કચ્છ	૭૬૬૫૪૫૦
૪૦	શ્રી સુપાર્શ્વ જૈન સેવા મંડળ	સેડાતા	ભુજ	કચ્છ	૧૯૭૪૪૨૩૦
૪૧	શ્રી હબાય ગૌશાળા અને પાંજરાપોળ	હબાય	ભુજ	કચ્છ	૫૦૦૮૦૮૦
૪૨	શ્રી ગઢશીશા જીવ સુરક્ષા જૈન ચેરીટેબલ એન્ડ રીસર્ચ ટ્રસ્ટ	ગઢશીશા	માંડવી	કચ્છ	૨૭૪૫૧૮૩૦
૪૩	શ્રી ઈશ્વરેશ્વર ગૌસેવા અને વિવિધલક્ષી ટ્રસ્ટ સંચાલિત શ્રી સુમતિનાથ પાંગળપોળ	તલવાણા	માંડવી	કચ્છ	૮૦૦૫૯૨૦
૪૪	શ્રી નાગલપુર જીવદયા કેન્દ્ર	નાગલપરમોટી	માંડવી	કચ્છ	૩૬૨૯૮૨૦
૪૫	શ્રી આશાપુરા માતાજી મંદિર તથા ગૌશાળા અને પાંજરાપોળ	નાનારતડીયા	માંડવી	કચ્છ	૩૦૪૩૦૨૦
૪૬	શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ - ગૌશાળા પોલડીયા શાખા	પોલડીયા	માંડવી	કચ્છ	૧૩૭૯૮૫૦૦
૪૭	શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા	બિદડા	માંડવી	કચ્છ	૪૩૯૬૪૧૦૦
૪૮	શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ - ગૌશાળા નાગલપુરશાખા	માંડવી	માંડવી	કચ્છ	૧૦૨૯૪૧૧૦
૪૯	શ્રી જ્યોતેશ્વર મહાદેવ ગૌશાળા પાંજરાપોળ	રાજડા	માંડવી	કચ્છ	૫૪૧૭૭૩૦

પાંજરાપોળવાર છેલ્લા બે વર્ષમાં આપેલ સહાયની યાદી તા.૦૧–૦૧–૨૦૨૪ થી ૩૧–૧૨–૨૦૨૫ સ્થિતિએ પત્રક –૨					
નં	સંસ્થાનું નામ	ગામનું નામ	તાલુકાનું નામ	જિલ્લો	આપેલ સહાય રકમ
	ચેરી. ટ્રસ્ટ				
૫૦	હરિહર ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	હમલા	માંડવી	કચ્છ	૨૦૩૮૭૭૦
૫૧	શ્રી રતાડિયા ગૌશાળા પાંજરાપોળ	રતાડીયા	મુંદ્રા	કચ્છ	૧૫૦૯૦૫૭૦
૫૨	ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, પ્રાગપર	પ્રાગપર	મુંદ્રા	કચ્છ	૫૪૫૨૧૧૦૦
૫૩	શ્રી કાંડાગરા પાંગરાપોળ તથા જીવદયા સેવા ટ્રસ્ટ	કાંડાગરા	મુંદ્રા	કચ્છ	૬૫૨૯૨૩૦
૫૪	શ્રી ગુંદાલા મુંબઈ મહાજન	ગુંદાલા	મુંદ્રા	કચ્છ	૧૯૦૩૯૧૪૦
૫૫	શ્રી છસરા જીવદયા કેન્દ્ર	છસરા	મુંદ્રા	કચ્છ	૨૮૫૬૪૨૦
૫૬	શ્રી ભુજપુર પાંગરાપોળ	ભુજપુર	મુંદ્રા	કચ્છ	૫૬૮૩૩૮૦૦
૫૭	શ્રી કચ્છ મુંદ્રા પાંજરાપોળ અને ગૌશાળા	મુંદ્રા	મુંદ્રા	કચ્છ	૫૦૧૯૬૫૧૦
૫૮	શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર	લૂણી	મુંદ્રા	કચ્છ	૧૪૯૬૬૭૯૦
૫૯	શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન	વડાલા	મુંદ્રા	કચ્છ	૧૯૦૭૩૭૦૦
૬૦	શ્રી આડેસર જીવદયા કેંદ્ર	આડેસર	રાપર	કચ્છ	૧૭૯૬૮૫૬૦
૬૧	શ્રી ગાગોદર પાંજરાપોળ ટ્રસ્ટ	ગાગોદર	રાપર	કચ્છ	૫૫૯૫૦૦
૬૨	શ્રી ત્રંબૌ મહાજન પાંજરાપોળ	ત્રંબૌ	રાપર	કચ્છ	૪૬૭૨૯૮૦
૬૩	શ્રી પદમપર જીવદયા કેંદ્ર	પદમપર	રાપર	કચ્છ	૫૬૭૭૪૦૪૦
૬૪	શ્રી જૈન આચાર્ય અજરામજી સ્વામી ગૌશાળા પંજરપોળ ટ્રસ્ટ	મોમાયમોરા	રાપર	કચ્છ	૧૪૯૫૦૦૫૦
૬૫	શ્રી જીવદયા મંડળ રાપર પાબુશ્રી વિભાગ	રાપર	રાપર	કચ્છ	૬૨૯૨૬૯૮૦
૬૬	શ્રી જીવદયા મંડળ રાપર બકના વિભાગ	રાપર	રાપર	કચ્છ	૬૫૪૧૯૬૮૦
૬૭	શ્રી જીવદયા મંડળ રાપર	રાપર	રાપર	કચ્છ	૧૨૩૭૦૮૬૦
૬૮	શ્રી કચ્છ નારાયણ સરોવર ગૌશાળા અને પાંજરાપોળ	નારાયણસરોવર	લખપત	કચ્છ	૧૮૧૨૮૮૮૦
૬૯	મોરાવાંઢ ગૌશાળા પાંજરાપોળ ટ્રસ્ટ	સાન્ધ્રો વાંઢ	લખપત	કચ્છ	૧૦૮૦૦૦૦
૭૦	અમન ગૌશાળા પાંજરાપોળ	સાન્ધ્રો વાંઢ	લખપત	કચ્છ	૧૪૭૧૫૦૦

પાટણ અને જામનગર જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2408 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | પાટણ | ૩૩ | ૪૭ ૨ | જામનગર | ૭૧ | ૧૦૭ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

			અ.નં / જિલ્લાનું નામ / પશુધન નિરીક્ષક (વર્ગ–૩) / ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ / પાટણ / ૧૬ / ૧૫ ૨ / જામનગર / ૧૭ / ૧૭
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ / ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો / પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) / પશુધન નિરિક્ષક (વર્ગ–૩) પાટણ / ૧ વર્ષથી ઓછો / ૦૪ / ૦૧ ૧ વર્ષ કરતાં વધારે / ૦૫ / ૦૧ જામનગર / ૧ વર્ષથી ઓછો / ૧૬ / ૦૦ ૧ વર્ષ કરતાં વધારે / ૨૯ / ૦૩ ડ્રેસર/પટ્ટાવાળા/એટેન્ડન્ટ વર્ગ – ૪ (આઉટ્સોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

––––––

અમદાવાદ જિલ્લામાં બોઇલરોનું નિરીક્ષણ

15/8/1572 શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	અમદાવાદ જીલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં બોઇલર તંત્ર દ્વારા કુલ કેટલા બોઇલરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું,	(૧)	૧૦૬૭
(૨)	ઉકત તપાસ દરમ્યાન કેટલા બોઇલરોમાં ખામી જણાયેલ, અને	(૨)	૧૦૫
(3)	ઉકત ખામી બાબતે શા પગલાં લેવામાં આવેલ છે?	(3)	ખામી ધરાવતા બોઇલરોનું નિયમોનુસાર રિપેર કરાવીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

ભરૂચ જિલ્લામાં મદદનીશ નિયામક કચેરી દ્વારા રોજગાર વાંચ્છુઓને રોજગારી

15/8/1555 **શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી** (ભરૂચ) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભરૂચ દ્વારા કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?	(૧)	૩૦૮૮૭

સેમિકંડકટર પોલિસી અંતર્ગત ઘોલેરાને સેમિકોન સીટી તરીકે વિકસાવવા બાબત

15/8/1638 શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ (બાપુનગર): **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સેમીકંડક્ટર પોલિસી અંતર્ગત ધોલેરાને સેમિકોન સીટી તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા તો, ઉક્ત જાહેરાત ક્યારે કરવામાં આવી, અને	(૨)	તા.૨૭.૦૭.૨૦૨૨
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત સીટી વિકસાવવાની કામગીરી ક્યા તબક્કે છે?	(૩)	ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સને તેમના સેમીકન્ડક્ટર ફેબ પ્રોજેક્ટ સ્થાપિત કરવા અર્થે જમીન ફાળવેલ છે જેમાં બાંધકામ ચાલી રહ્યુ છે. ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રના ઉદ્યોગો સેમીકન્ડક્ટર ફેબના ઇકો–સિસ્ટમ પાર્ટનર હોય છે. રાજ્ય અને ભારત સરકાર સાથે મળીને ધોલેરા ખાતે EMC 2.0 સ્કીમ અંતર્ગત પ્રોજેક્ટ્સને મંજુરી આપવામાં આવેલ છે, જે અંતર્ગત ધોલેરા ખાતે ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ કલસ્ટરનો વિકાસ કરવામાં આવશે અને ઔદ્યોગિક માળખાગત સુવિધાઓને સેમીકન્ડક્ટર ક્ષેત્રને અનુરૂપ અને સુદ્રઢ કરવામાં આવશે, જેથી સેમીકન્ડકટર ઇકોસીસ્ટમનો વિકાસ થઇ શકે.

રાજકોટ જિલ્લામાં મદદનીશ નિયામક (રોજગાર) કચેરી દ્વારા રોજગાર વાંચ્છુઓને રોજગારી

15/8/1554 **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ દ્વારા કેટલા રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?	(૧)	૨૧૭૧૭

કેમ્પા ફંડમાં રાજ્ય સરકારની જમા રકમ

15/8/2385 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેમ્પા ફંડમાં રાજ્ય સરકારની કેટલી રકમ જમા છે,	(૧) રૂ.૬૭૫.૮૬ કરોડ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેમ્પા ફંડમાં જમા રહેલ રકમના વ્યાજ પેટે રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને	(૨) કેમ્પા ફંડમાં જમા રહેલ રકમના વ્યાજ પેટે સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં કોઈ રકમ મળેલ નથી અને સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં રૂ.૧૨૦.૧૪ કરોડ રાજ્ય સરકારને મળેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ પાછી મેળવવા ગુજરાત સરકારે માંગણી કરી?	(૩) સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં રૂ.૪૩૮.૮૩ કરોડ તેમજ સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં રૂ.૪૨૦.૦૬ કરોડ પાછા મેળવવા ગુજરાત સરકારે માંગણી કરી.

AI-Based પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા લીધેલ પગલા

15/8/1648 **શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ): માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
